Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# શ્રી આત્માનંદ પ્રકાશ

જીવનમાં શાંતિ, મરણમાં સમાધિ, પરલોકમાં સદ્ગતિ, અને પરંપરાએ મુક્તિપદની પ્રાપ્તિ માટે શ્રી નવકાર મંત્રની સાધના એ અમોઘ ઉપાય છે.

શ્રી જૈન આત્માનંદ સભા
ખારગેઈટ, ભાવનગર


| | | |
|---|---|---|
| પુસ્તક : ૮૯ | અષાઢ | આત્મ સંવત ૯૬ |
| | જુલાઇ | વીર સંવત ૨૫૧૮ |
| અંક : ૯ | ૧૯૯૨ | વીક્રમ સંવત ૨૦૪૮ |


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# અ નુ ક્ર મ ણિ કા


| ક્રમ | લેખ | લેખક | પૃષ્ઠ |
|---|---|---|---|
| ૧ | આત્મસિદ્ધિ | શ્રી ભદ્રંકરવિજયજી મહારાજ સાહેબ | ૯૩ |
| ૨ | એક દીવાથી અનેક દીવા પ્રગટે | અનુવાદક : કુ. અલ્પા જીતેન્દ્રકુમાર | ૯૭ |
| ૩ | શ્રી હીરાલાલ ભાણજીભાઈ શાહનું થયેલું બહુમાન અને સન્માન પત્ર | — | ૧૦૧ |


## આ સભાના નવા આજીવન સભ્ય

(૧) શ્રી નવિનચન્દ્ર નગીનદાસ કામદાર—ભાવનગર

(૨) કુમારી કોકીલાબેન બેચરદાસ શાહ—ભાવનગર

(૩) કુમારી રમાબેન ધરમચંદભાઈ શાહ—ભાવનગર

(૪) શ્રીમતિ ભારતીબેન અમુલખરાય શાહ—ભાવનગર

શ્રી જૈન આત્માનંદ સભાની સામાન્ય સભાની મીટીંગ તા. ૨૮-૬-૯૨ રવિવારના રોજ સવારના ૧૦-૩૦ કલાકે મળી હતી. તેમાં ગત વર્ષ માટેના નીચેના હોદ્દેદારો તથા વ્યવસ્થાપક સમિતીના સભ્યશ્રીની સર્વાનુમતે નિમણુંક કરવામાં આવેલ છે.

### —: હોદ્દેદારો :—

(૧) સભાના પ્રમુખ શ્રી પ્રમોદકાન્ત ખીમચંદભાઈ શાહ
(૨) સભાના ઉપપ્રમુખ શ્રી મોહનલાલ જગજીવનદાસ સલોત
(૩) ,, ,, શ્રી નગીનદાસ હરજીવનદાસ શાહ
(૪) સભાના મંત્રી શ્રી કાન્તિલાલ રતિલાલ સલોત
(૫) ,, ,, શ્રી હિંમતલાલ અનોપચંદભાઈ મોતીવાળા
(૬) સભાના ખજાનચી શ્રી ચીમનલાલ વર્ધમાનભાઈ શાહ

### —: વ્યવસ્થાપક સમિતીના સભ્યશ્રી :—

(૧) શ્રી ભૂપતભાઈ નાથાલાલ શાહ
(૨) ,, ભોગીલાલ ભાણજીભાઈ શાહ
(૩) ,, કાન્તિલાલ જગજીવનદાસ દોશી
(૪) ,, જયંતીલાલ રતિલાલ સલોત
(૫) ,, પ્રતાપરાય અનોપચંદભાઈ મહેતા
(૬) ,, પ્રવીણચન્દ્ર જગજીવનદાસ સંઘવી
(૭) શ્રી ચીમનલાલ ખીમચંદભાઈ શેઠ
(૮) ,, સંજયકુમાર શરદચન્દ્ર ઠાર
(૯) ,, મનીષકુમાર નગીનદાસ શાહ
(૧૦) ,, નટવરલાલ પ્રભુદાસ શાહ
(૧૧) ,, ભૂપતરાય જયંતિલાલ શાહ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી આત્માનંદ પ્રકાશ

માનદ્ તંત્રીશ્રી : પ્રમોદકાંત ખીમચંદ શાહ એમ. એ., બી. કોમ, એલ. એલ બી.

# આત્મસિદ્ધિ

અધ્યાત્મયોગી પંન્યાસ પ્રવર શ્રી ભદ્રંકરવિજયજી મ. સા.

## — આત્માને સિદ્ધ કરનારાં અનુમાનો —

આત્મા સંવેદન પ્રત્યક્ષ હોવા છતાં તેની સિદ્ધિ માટે અનુમાન પ્રમાણો પણ અનેક છે.

### શરીરનો કર્તા

શરીર આદિમાન પ્રતિનિયત આકારવાળું છે માટે તેનો કર્તા હોવો જોઈએ. જેમ ઘટ-પટાદિ આદિમાન પ્રતિનિયત આકારવાળા છે, તેથી તેના કર્તા કુંભાર વમકરાદિ અવશ્ય હોય છે.

દ્વીપ, સમુદ્ર. મેરુ પર્વત આદિ-આદિમાન નથી: તેના કોઈ કર્તા નથી અને મેઘ, મેઘધનુષ્યાદિ પ્રતિનિયત આકારવાળા નથી માટે તેનો કોઇ કર્તા નથી. શરીર એ આદિમાન પણ છે અને પ્રતિનિયત આકારવાળું પણ છે. તેથી તેનો કર્તા અવશ્ય હોવો જોઇએ. જે કોઈ તેના કર્તા છે તે જ આત્મા છે.

### શરીરનો ભોકતા

શરીર ભોગ્ય છે માટે તેનો કોઇ ભોકતા હોવો જોઈએ. જેમ ભોજન, વસ્ત્ર આદિ ભોગ્ય છે તો તેનો કોઈને કોઇ ભોક્તા અવશ્ય હોય છે.

### ઇન્દ્રિયોનો અધિષ્ઠાતા

ઇન્દ્રિયો એ જ્ઞાનના કારણ છે માટે તેનો અધિષ્ઠાતા (ચૈતન્ય સંપાદક) હોવો જોઇએ. જેમ દંડ, ચક્ર ચિવરાદિ કારણો છે તો તેનો અધિષ્ઠાતા કુંભાર અવશ્ય હોય છે.

### વિષયોનો આદાતા

ઇન્દ્રિયો આદાન છે અને વિષયો આદેય છે, આદાન-આદેય હોય ત્યાં આદાતા અવશ્ય હોવો જોઈએ. જેમ સાણુસો આદાન છે અને લોઢું આદેય છે. તો તેનો આદાતા લુહાર પણ છે. એજ રીતે ઇન્દ્રિયો દ્વારા વિષયોનું આદાન કરનારો જે છે, તે આત્મા છે.

### શરીરનો સ્વામી

શરીર પ્રતિનિયત સંઘાત અને રૂપાદિથી મુક્ત છે માટે તેનો કોઈ અર્થી (સ્વામી) અવશ્ય હોવો જોઇએ. જેમ સંઘાત અને રૂપાદિથી મુક્ત ઘર



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

વગેરેનો સ્વામી અવશ્ય હોય છે. પ્રતિનિયત સંઘાત અને રૂપાદિથી જે યુક્ત નથી તેનો સ્વામી પણ કોઈ નથી. જેમ જંગલના ટેકરા અથવા રેતીના ઢગલા

એ રીતે શરીર, ઇન્દ્રિયો વગેરેનો કર્તા પણ આત્મા સિવાય અન્ય કોઇ પદાર્થ સિદ્ધ થતો નથી.

## પરલોક-સિદ્ધિ

'આત્મા એ સત્ પદાર્થ છે પણ અસત્ નથી.'

જે સત્ છે તે ઉત્પાદ, વ્યય અને ધ્રૌવ્ય એ ત્રણ ધર્મોથી યુક્ત હોય છે.

પ્રત્યેક વસ્તુનો અમુક ધર્મ વડે ઉત્પાદ અને અન્ય ધર્મ વડે વિનાશ થાય છે તથા વસ્તુ કાયમ રહે છે.

આત્મા એ સત્ પદાર્થ છે પરંતુ તે જ્યાં સુધી કર્મથી સંબદ્ધ છે ત્યાં સુધી નરકાદિ ચતુર્ગતિ રૂપ સંસારમાં સંસરણ પરિભ્રમણ પણ ચાલુ જ રહેવાનું અને આ પરિભ્રમણ જ્યાં સુધી ચાલુ રહે ત્યાં સુધી જીવનો નારકાદિ પર્યાયરૂપે ઉત્પાદ અને મનુષ્યત્વાદિ પર્યાયરૂપે વિનાશ પણ ચાલુ જ રહે છે. છતાં આ ઉત્પાદન અને વિનાશમાં પણ જીવનું જીવત્વ દ્રવ્ય સ્વરૂપે અવસ્થાન તો ત્રિકાલાબાધિત છે. કર્મ સંબદ્ધ જીવનો જે મનુષ્યત્વાદિ પર્યાયરૂપે વિનાશ તે તેનું મરણ છે અને જે નારકત્વાદિ પર્યાયરૂપે ઉત્પાદ તે તેનો જન્મ છે. આનું જ નામ પરલોક છે

## કર્મની-સિદ્ધિ

આત્મા હયાત છે માટે તેને પરલોક છે અને તે પરલોક ચતુર્ગતિ રૂપ સંસાર છે તેનું કારણ કર્મ છે. કર્મથી સર્વથા મુક્ત બનેલ આત્માને ચતુર્ગતિરૂપ સંસારમાં પરિભ્રમણ કરવાનું રહેતું નથી: પરંતુ તેમનો સિદ્ધશિલા ઉપર લોકના અંત ભાગે શાશ્વત નિવાસ હોય છે. આ સ્થાનને મુક્તિ; સિદ્ધિ, મોક્ષ કે પરમપદ વગેરે અર્થસંગત નામોથી ઓળખવામાં આવે છે

એ અવસ્થામાં કર્મના સર્વથા વિનાશથી થનાર છે. જ્યાં સુધી આત્મા કર્મથી બદ્ધ છે ત્યાં સુધી તેને ચતુર્ગતિરૂપ સંસાર છે

આત્મા જેમ સ્વસંવેદ્ય પ્રત્યક્ષ છે તેમ કર્મ સ્વસંવેદન પ્રત્યક્ષ નથી કારણ કે તે આત્માનો ગુણ નથી પરંતુ તે કાર્મણ વર્ગણાના સૂક્ષ્મ પુદ્ગલો છે, જે કેવળ સર્વજ્ઞોના જ્ઞાનને પ્રત્યક્ષ છે.

છદ્મસ્થ આત્માઓને વિદ્યમાન એવા કર્મના પુદ્ગલો પણ પ્રત્યક્ષ નથી કારણ કે તે સૂક્ષ્મ છે છતાં તેની વિદ્યમાનતા અનુમાનથી સાધ્ય છે. વિદ્યમાન એવા પરમાણુઓ અતિશય સૂક્ષ્મ હોવાથી જેમ ઇન્દ્રિયોને અગોચર છે પણ સ્કંધાદિ કાર્ય દ્વારા અનુમાનગમ્ય છે તેમ વિદ્યમાન એવા પણ કાર્મણ વર્ગણાના પુદ્ગલો આત્માની સાથે સંબદ્ધ હોવા છતાં ઇન્દ્રિયોને અગોચર છે તેથી માત્ર તેના કાર્યો દ્વારા તે કેવળ અનુમાનગમ્ય જ બની શકે છે.

કર્મની સિદ્ધિ માટે અહીં ઘણાં અનુમાનો નહિ આપતા માત્ર બે-ત્રણ અનુમાનો જ આપીએ છીએ.

## સુખ-દુઃખાનુભવનું કારણ

સુખ-દુઃખનો અનુભવ એ કાર્ય છે માટે તેનો હેતુ કર્મ છે. અંકુરરૂપ કાર્યનો હેતુ બીજ છે: તેના જેમ અહીં કોઇ એમ કલ્પના કરે કે 'સુખ-દુઃખના અનુભવના હેતુભૂત આહાર કંટકાદિ પ્રત્યક્ષ વસ્તુઓને છોડી અપ્રત્યક્ષ કર્મને માનવાની શી આવશ્યકતા છે ?' તો તે કલ્પના બરાબર નથી કારણ કે આહાર-કંટકાદિરૂપ સુખ-દુઃખના તુલ્ય સાધનો જેને પ્રાપ્ત થયા છે એવી વ્યક્તિઓના પણ સુખ-દુઃખાનુભવરૂપ ફળમાં અનેક પ્રકારની તરતમતા અનુભવાય છે,

ફળની અનુભવાતી તરતમતા કાર્ય છે અને કાર્યની તરતમતા એ કારણની તરતમતા-વિષમતાને ધ્વનિત કરે છે. આવી તરતમતા વિષમતાવાળું જે



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

કારણુ છે તેજ કર્મ છે તે સિવાય અન્ય કોઇ નહિ.

## બાળ શરીરનું કારણ

યુવાન સરીર જેમ બાળ શરીર પુર્વક છે તેમ બાળશરીર પણ શરીરાન્તર પૂર્વક છે. બાળશરીરનું કારણ જે શરીર છે તે શરીરનું નામ કામર્ણ-શરીર યાને કર્મ છે.

## સુખી થોડા અને દુઃખી ઘણા તેનું કારણ

ક્રિયા માત્ર ફળદાયી છે : દાનાદિ પણ ક્રિયા છે માટે તે પણ ફળદાયી છે.

'કૃષિક્રિયાની જેમ પ્રશંસા આદિ દષ્ટ ફળો જ દાનાદિ ક્રિયાના ફળ છે. કિન્તુ અદષ્ટ ફળ કાંઇ નથી' એમ માનવા જતા હિંસાદિ અશુભ ક્રિયાઓનું ફળ અપકીર્તિ આદિ દષ્ટ ફળ જ માનવું પડશે. કિંતુ અદષ્ટ ફળ કાંઈ રહેશે નહિ : તેથી સઘળા પાપી આત્માઓનો પણ મરણુ બાદ મોક્ષ થઈ જશે કારણુ કે દષ્ટ ફળ પ્રાપ્ત થઈ ગયું અને અદષ્ટ ફળ તો છે નહિ એ કારણે શુભ અગર અશુભ પ્રત્યેક ક્રિયાનુ અદષ્ટ ફળ તો અવશ્ય છે.

જયારે દષ્ટ ફળ એકાન્તિક નથી. કોઈને થાય છે અને કોઈને થતુ નથી.

એક જ પ્રકારની ક્રિયા કરવા છતાં તેના દષ્ટ ફળમાં અનેક પ્રકારની તારતમ્યતા જણાય છે. એજ હકીકત દષ્ટ ફળ, અનેકાન્તિક છે એમ સિદ્ધ કરે છે એટલું જ નહિ પણ દષ્ટ ફળમાં જોવા મળતી એ પ્રકારની તારતમ્યતાવાળા કાર્યનું કારણ પણ કર્મ જ છે.

અદષ્ટ ફળ એકાન્તિક છે કારણ કે સંસારમાં ઘણા જીવો કેવળ દષ્ટ ફળની ઇચ્છાથી જ ક્રિયા કરનારા છે છતાં અનિચ્છાએ પણ તેમને અદષ્ટ ફળ ભોગવવું પડે છે !

સહુ સુખના અભિલાષી અને દુઃખના દ્વેષી હોવા છતા સંસારમાં સુખી થોડા અને દુઃખી ઘણા જણા જણાય છે એ પણ અદષ્ટ ફળની એકાન્તિકતાનો પુરાવો છે.

દાનાદિ શુભ ક્રિયાઓ કરનારા થોડા છે અને હિંસાદિ અશુભ ક્રિયાઓ કરનારા ઘણા છે તેથી શુભ અદષ્ટને બાંધનારા થોડા હોય અને અશુભ અદષ્ટને બાંધનારા ઘણા હોય એમાં કાંઇ આશ્ચર્ય નથી એજ એક કારણ છે કે સુખની ઇચ્છા સહુને હોવા છતાં સુખી થોડા છે અને દુઃખની ઇચ્છા કોઇને પણ લેશમાત્ર નહિ હોવા છતા દુઃખી ઘણા છે.

## કર્મ અમૂર્ત નથી

અમૂર્ત કર્મ સુખ-દુઃખાદિમાં નિમિત્ત બની શકે નહિ, જેમ આકાશ.

આકાશ અમૂર્ત હોવાથી તે આત્માને સુખ-દુઃખાનુભવ કરાવી શકતું નથી. આત્માને સુખાનુભવ યા દુઃખાનુભવ કરાવનાર મૂર્ત પદાર્થો છે એ વાત પ્રત્યક્ષ સિદ્ધ છે. અનુકૂળ આહારાદિના પુદ્‌ગલો આત્માને સુખ આપે છે અને અગ્નિકંટકાદ પ્રતિકૂળ પદાર્થો આત્માને દુઃખ આપે છે.

અહીં એક શંકા થવી સંભવિત છે કે, 'સુખ-દુઃખાદિનો અનુભવ એ એક પ્રકારનું ચૈતન્ય છે અને એ જ્ઞાનાદિની જેમ અમૂર્ત છે. શરીરાદિ મૂર્ત છે માટે તેનું કારણ મૂર્ત કર્મ ઘટી શકે છે પરંતુ અમૂર્ત સુખ-દુઃખાદિનું કારણ મૂર્ત કર્મ કેવી રીતે ઘટી શકે ?

આ શંકા તો જ વ્યાજબી કરી શકે, જો આપણે મૂર્ત કર્મને સુખ-દુઃખાદિનું સમવાયી કારણ માનીએ. સુખ-દુઃખાદિનું સમવાયી કારણ તો અમૂર્ત આત્મા છે જયારે મૂર્ત કર્મ તો તેનુ નિમિત્ત કારણુ છે.

## મૂર્તનો સંબંધ અને ઉપઘાત

સંબંધ બે પ્રકારનો છે.

એક સંયોગસંબંધ કે જે માત્ર ભિન્ન-ભિન્ન



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

દ્રવ્યોનો જ હોય છે અને બીજો સમવાય સંબંધ કે જે અભિન્ન એવા ગુણ-ગુણી, ક્રિયા ક્રિયાવાન, અવયવ અવયવી આદિની સાથે હોય છે, આત્મા અને કર્મ એ બંને ભિન્ન દ્રવ્યો છે તેથી તે બેઉનો ઘટ અને આકાશના સંબંધની જેમ સંયોગ-સંબંધ છે, બદ્ધાત્મા કથંચિત્ સમવાયસંબંધ માનવામાં પણ હરકત નથી કારણ કે મૂર્ત કર્મનો અમૂર્ત આત્મા સાથે સમવાયસંબંધ અવિરુદ્ધપણે ઘટી શકે છે

સંસારી આત્મા કથંચિત્ મૂર્ત છે તેનો અર્થ એ છે કે તે અનાદિકાળથી ક્ષીરનીર અને લોહાગ્નિની જેમ કર્મપુદ્ગલોથી બદ્ધ છે. પૂર્વે કદી પણ કર્મપુદ્ગલોથી તે બદ્ધ નહોતો એમ નથી એ કારણે તેનું વર્તમાન સ્વરૂપ સર્વથા અમૂર્ત નથી કિન્તુ કથંચિત્ મૂર્ત છે. આત્માને જો સર્વથા અમૂર્ત માનીએ તો મૂર્ત દ્વારા તેનો અનુગ્રહ થઇ શકે નહિ કિંતુ મદિરા આદિ અયોગ્ય દ્રવ્યો વડે આત્માને થતો ઉપઘાત અને બ્રાહ્મી ચૂર્ણાદિ ઉત્તમ દ્રવ્યો વડે આત્માને થતો અનુગ્રહ પ્રત્યક્ષ અનુભવાય છે. તેથી સંસારી જીવ એકાંતે અમૂર્ત નથી.

## પુણ્ય અને પાપ

આત્મા છે. તેના પરલોક છે અને પરલોકનું કારણ કર્મનો સંબંધ પણ છે તો પછી પુણ્ય અને પાપની સિદ્ધિ કરવા માટે કોઇ નવા અનુમાનની આવશ્યકતા નથી.

સુખાનુભવમાં નિમિત્ત થનારા કર્મના શુભ પુદ્ગલો તે પુણ્ય છે અને દુ:ખાનુભવમાં નિમિત્ત થનારા કર્મના અશુભ પુદ્ગલો તે પાપ છે. પુણ્ય અગર પાપ બે એકજ પદાર્થ છે અથવા બેમાંથી એક પણ નથી એમ માનવાથી જગતમાં સુખ-દુ:ખાનુભવની વ્યવસ્થા ઘટી શકે તેમ નથી.

પુણ્ય અને પાપ બંને ભિન્ન છે કારણ કે તેના કાર્યભૂત સુખ અને દુ:ખ એકી સાથે અનુભવી શકાતા નથી. થોડું પુણ્ય એ સુખ અને થોડું પાપ એ દુ:ખ-એમ માનીને પુણ્ય અગર પાપ બેમાંથી એકજ પદાર્થને માની લેવાથી પણ કામ ચાલી શકે તેમ નથી.

સુખ-દુ:ખના કારણભુત પુણ્ય અને પાપ એ બે જુદા સ્વતંત્ર દ્રવ્યો છે સમ્મીલીત પુણ્ય-પાપાત્મક એકજ કર્મ કોઇ પણ રીતે ઘટિત થઇ શકતું નથી. કારણ કે તે પ્રકારના સમ્મીલિત પુણ્ય પાપાત્મક કર્મના બંધનું કોઇ એવુ સમ્મીલિત કારણ હોવું જોઇએ. પરંતુ તેવું કારણ આ જગતમાં હયાત નથી.

કર્મબંધનાં કારણ મિથ્યાત્વ, અવિરતિ આદિ હેતુઓ છે. તે સર્વ હેતુઓની સાથે મન-વચન-કાયાના યોગીરૂપી હેતુ તો રહેલા જ હોય છે. યોગ હંમેશાં એક સમયે શુભ યા અશુભ એકજ હોઇ શકે છે કિંતુ શુભાશુભ ઉભય સ્વરૂપ યોગ એકજ સમયે કદી હોઇ શકતો નથી એજ કારણે તેના કાર્યરૂપ પુણ્ય અને પાપ, એ બે સ્વતંત્ર છે એમ સહજ રીતે સિદ્ધ થાય છે.

## સ્વર્ગ અને નરક

પરલોકની સિદ્ધિમાં આપણે એ જોઇ ગયા કે ચતુર્ગતિ રૂપી સંસારમાં પરિભ્રમણ એજ આત્માનો પરલોક છે એ ચાર ગતિઓમાં મનુષ્ય અને તિર્યંચ ગતિ સહુકોઇને પ્રત્યક્ષ છે પરંતુ દેવ અને નારક એ બે ગતિ કોઈને પણ પ્રત્યક્ષ નથી. તો પછી તે પણ જગતમાં છે એમ શી રીતે માની શકાય? આ પ્રકારનો પ્રશ્ન કરનાર આગમ પ્રમાણને માનનારો નથી; એ તો આપોઆપ સિદ્ધ થાય છે.

તેમ છતાં પણ દેવલોક અને નારકી પ્રત્યાક્ષાદિ પ્રમાણો દ્વારા જેટલી રીતે સિદ્ધ છે તેટલી રીતે

( અનુસંધાન પેજ નંબર ૧૦૦ ઉપર )



For Private And Personal Use Only

# એક દીપાથી અનેક દીપા પ્રગટે

અનુવાદક : કુ. અલ્પા જીતેન્દ્રકુમાર-મહુવા

ક્ષુલ્લકકુમાર એક રાજકુમાર હતો. સંસ્કારોને કારણે નાનપણમાં જ તે પોતાની માતા સાધ્વી યશોભદ્રાના પાસે દીક્ષા લઈને જ્ઞાન મેળવવા લાગી ગયો.

જ્યારે તે યુવાન થયો ત્યારે હૃદયમાં સંસારના સુખ ઉપભોગની ઇચ્છા થઇ ગઈ. દબાવવા છતાં પણ આ ઇચ્છા ન દબાવી શકાઇ ત્યારે એક દિવસ તે પોતાની માતા પાસેથી સાધુપણું છોડીને ફરી સંસારમાં જવાની રજા માંગવા લાગ્યો.

માં એ ખૂબ સમજાવ્યો, પરંતુ પુત્રનું મન બદલાયું નહીં. અંતમાં મોહનું દબાણ કરીને માએ કહ્યું, "પુત્ર ઓછામાં ઓછાં બાર વર્ષ સુધી તુ મારી પાસે વધારે રહીને અભ્યાસ કરી લે. પછી જેમ તારૂં મન કહે તેમ કરજે,"

માની મમતાએ પુત્રને બાર વર્ષ માટે બાંધી લીધો, રોજ બરોજ વૈરાગ્ય અને જ્ઞાનની વાતો સાંભળવા છતાં પણ તેના ભોગ માટે વ્યાકુળ એવા મન પર એનો કોઇ પ્રભાવ પડયો નહીં એ રીતે બાર વર્ષ પૂરા થયા. તેણે માતા પાસેથી ફરી વાર ઘરે જવાની રજા માગી

સ્નેહના કારણે માતાની આંખો ભરાઇ આવી, તેણે કહ્યું, "દીકરા મારા ગુરુણી પાસે જઇને તું રજા લે. જો તે રજા આપે તો તું ........" ક્ષુલ્લકકુમાર ગુરુણી પાસે આવ્યો અને ઘરે જવાની રજા માગી.

ગુરુણીએ કહ્યું, "દીકરા, પહેલા બાર વર્ષ સુધી મારી પાસે રહીને ધર્મ ઉપદેશ, સાંભળ પછી જોયું જશે,"

ક્ષુલ્લક ગુરુણીની વાતને પણ ટાળી ન શકયો, ઉત્પન્ન થયેલા વિકારો મનમાંથી હટયા ન હતા, પરંતુ કોઇને કોઇ રીતે તેને દબાવીને તે બાર વર્ષ સુધી ગુરુણીની દેખરેખમાં અભ્યાસ કરતો રહ્યો. બાર વર્ષ પૂરા થતાં જ તેણે ગુરુણી પાસે રજા માગી, ગુરુણીએ કહ્યું, "દીકરા તું જઇ શકે છે, પરંતુ તારા ઉપાધ્યાયની રજા લઇને.

ક્ષુલ્લક ઉપાધ્યાય પાસે ગયો તો ઉપાધ્યાયે પણ બાર વર્ષ સુધી રોકી લીધો. મન મારીને ક્ષુલ્લકે ફરી બાર વર્ષ વિતાવ્યા, બાર વર્ષ પૂરા થતાં તેણે ઉપાધ્યાય પાસેથી સંસારમાં જવાની રજા માગી. ઉપાધ્યાયે કહ્યું, "ક્ષુલ્લક, આચાર્યની રજા વગર સંસારમાં ન જા."

ક્ષુલ્લક આચાર્યની પાસે ગયો. આચાર્યએ પણ તેને બાર વર્ષ સુધી ધર્મ સાંભળવા માટે રોકી લીધો. ક્ષુલ્લક મનમાં ને મનમાં ગુસ્સે થયો. "ધર્મ સાંભળતાં સાંભળતાં આટલા વર્ષ વીતી ગયા. હવે વધારે શું બાકી રહી ગયુ છે ?" પરંતુ, તો પણ તે શરમને લીધે આચાર્યની વાતને ટાળી ન શકયો.

ક્ષુલ્લકે અડતાલીશ વર્ષ સુધી પોતાના મનની ઇચ્છા અને ભાવનાને દબાવી. હવે માનસિક ચંચળતા ખૂબ વધી ગઇ હતી. તે સંસારમાં જઇને સાંસારિક સુખોનો અનુભવ કરવા માટે વ્યાકુળ થઇ ગયો હતો. આ વખતે બાર વર્ષ પૂરા થતાં જ તેણે આચાર્યની રજાની રાહ ન જોઈ સમય પૂરો થતાં જ તે છાનોમાનો સંસારની સ્વતન્ત્રપણે યાત્રા કરવા માટે ચાલી નીકળ્યો.

ક્ષુલ્લક મુનિ ચાલતો ચાલતો સાકેતપુર પહોંચ્યો. નગરમાં આવતાં આવતાં સાંજ પડી ગઈ હતી.

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

નગરની બહાર બગીચામાં એક સુંદર નાટક ખેલાઇ રહ્યું હતું. હજારો માણુસો એકાગ્રતાથી ઊભા ઊભા નાટક જોઈ રહ્યાં હતા. નૃત્ય અને ગીતનું અદ્ભુત વાતાવરણ બંધાયેલું હતું. ક્ષુલ્લક મુનિનાં પગ ત્યાં જ થંભી ગયા. તે પણ એકબાજુ ઊભા રહીને નૃત્ય જોવામાં તલ્લીન થઈ ગયો.

આકાશમાં નિર્મળ શ્વેત ચાંદની ખિલી હતી. શીતળ અને ધીમો પવન વાઇ રહ્યો હતો. નર્તકીનો મધુર સ્વર, ઝાંઝરના ઝણકારની સાથે દિશાઓ ગુંજી ઊઠી

તેના અંગોની લચક, કટાક્ષોનો ઉન્માદ દર્શકોને પોતાની માદકતાના વેગીલા પ્રવાહમાં વહાવીને લઇ જઇ રહ્યો હતો. રાત્રિનાં ત્રણ પ્રહર વીતી જવા આવ્યા, પરંતુ લોકોની આંખો પર જાણે કે જાદૂ છવાયેલું હતું. કોઇને ખબર પણ ન પડી કે આટલો લાંબો સમય કયારે અને કેવી રીતે વીતી ગયો ?

અવિરત નૃત્ય કરતાં કરતાં નર્તકીનાં અંગ-પ્રત્યંગ શ્રમના કારણે ઢીલા થઇ ગયા. તેની આંખો ભારે અને લાલ થઇ ગઇ ઊંઘનુ નાનું ઝોકું જાણે કે આંખોં પર ઉતરવા લાગ્યું. નૃત્ય મંડળીની પ્રમુખ નર્તકીએ જોયું. અરે ! આ શું ખેતરનો પાક પાકવાના સમયે ખેડૂત સુઈ રહ્યો છે ? નૃત્યના પરિશ્રમની કિંમત મળવાનો સમય આવ્યો તો નર્તકી ઢીલી પડીને ઝોકા ખાઈ રહી છે. સ્વર લડખડાઈ રહ્યો છે તેણે ગીતનો આલાપ કરીને નર્તકીને સાવધાન કરી

" सुट्ठु गाइयं, सुट्ठु वाइयं, सुट्ठु
नच्चियं साम सुन्दरी ।
अणुपालिय दीहराइयं, उसुमिणं ते
मा पमायणं ॥ "

"સુંદરી તે લાંબા સમય સુધી સુંદર ગાયું, સુંદર વગાડયું અને સુંદર નૃત્ય કર્યું હવે થોડા સમય માટે આળસ ન કર. આજ તો ફળ મળવાનો સમય છે.

ક્ષુલ્લક મુનિ એક બાજુ ઊભા રહીને અભિનય જોઇ રહ્યો હતો. જ્યારે આ ગાથા સાંભળી એકાએક તેની એકાગ્રતા તૂટી ગઇ. તેને એક ઝટકો લાગ્યો, ગાથાના અર્થ પર ચિંતન કરવા લાગ્યો. તો તેના અંતરની નિંદ્રા ઊડી ગઇ. તરત જ તેણે પોતાના ખભા પર રહેલો રત્ન જડિત કામળો વૃદ્ધ નર્તકીને દઇ દીધો.

આ બાજુ રાજકુમારે આ ગાથા સાંભળતાં જ પોતાના મણિ જડિત કુંડળ ઉતારીને નર્તકીની ઝોળીમાં નાખી દીધા.

ત્યારે એક બાજુ ઉભેલી કોઇ કુળવધુએ પોતાના ગળાનો રત્નહાર ઉતારીને નર્તકીના હાથમાં મૂકી દીધો.

પેલી બાજુ રાજ્ય મંત્રીએ પણ તે જ ક્ષણે પોતાની હીરાની વીટી કાઢી અને નતકીની સામે રાખી.

મુનિ, રાજકુમાર, કુલવધૂ અને મંત્રીને એક ગાથા પર આ રીતે ધન વરસાવતા જોઇને વૃદ્ધ રાજાને ખૂબ નવાઇ લાગી. તેણે સૌ પ્રથમ ક્ષુલ્લક મુનિ તરફ કટાક્ષ યુક્ત નજર ફેંકી. "મુનિ શ્રેષ્ઠ! નૃત્યગીત પર એટલા મુગ્ધ થયાં કે એક લાખ મુદ્રાનો રત્નનો કામળો નર્તકીને ઇનામમાં દઇ દીધો ?"

"રાજન નર્તકીની આ ગાથામાંથી જે બોધ મળ્યો છે. તેની સરખામણીમાં આ રત્નનો કામળો કઇ જ નથી."

હા એમ ! શું બોધ મળ્યો, અમે સાંભળીએ તો ખરા ?" રાજાએ વ્યંગ્યમાં હસતાં હસતા મુનિના મુખ તરફ જોયું.

મુનિએ કહ્યું, "હે રાજા, હું પણ એક રાજકુમાર છું. લાંબા સમય સુધી સંયમની કઠોર સાધના કરતો રહ્યો, પરંતુ મન વિષય, ભોગ-વિલાસ તરફ દોડતું જ રહ્યું. રોકવા છતાં ન



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

રોકાયું તેથી ગૃહસ્થાશ્રમ તરફ ચાલી નીકળ્યો. સાધુના વ્રત અને નિયમોને છોડીને હું ઘર તરફ જઇ જ રહ્યો હતો કે રસ્તામાં આપનાં આ નૃત્યમાં મન અટવાઇ ગયું. આખી રાત ઊભાં ઊભાં આ નૃત્ય જોતો રહ્યો. હમણાં જ્યારે વૃદ્ધ નર્તકીએ આ ગાથા સંભળાવી તો એવું લાગ્યું કે જાણે મને ભર નિંદરમાંથી ઢંઢોળીને જગાડયો હોય. તેનું આ પદ.

"अगु पालिय दीहराइयं, उसुभिणं
ते मा षमायण।"

"લાંબા સમય સુધી જે માર્ગનું અનુસરણ કર્યું, હવે થોડા જ સમય માટે તેને છોડીને પ્રમાદી ન બન." મને જગાડી ગયું. માં ગુરુણી, ઉપાધ્યાય અને આચાર્યના અડતાલીસ વર્ષના નિરંતર સહવાસ અને ઉપદેશથી જે મન 'ન' જાગ્યું તે એકાએક જ આ ગાથાએ ઢંઢોળીને જગાડયું.

નર્તકીએ મારા પર એવો ઉપકાર કર્યો કે બસ મારૂં સાધુ જીવનનું પતન થતા થતા રહી ગયું. આ ખુશીમાં મેં આ રત્નનો કામળો નર્તકીને આપી દીધો.

ક્ષુલ્લક મુનિની વાત સાંભળી રાજા ખૂબ ખુશ થયા તેણે રાજકુમારને પૂછયું, "તે કઈ વાત પર ખુશ થઇને પોતાના મણિ જડિત કુંડળ દીધા દીકરા.

રાજકુમારે માથું નમાવ્યું. "પિતાજી, દુષ્ટતા ક્ષમા કરજો. રાજ્ય લોભના કારણે હું ઝેર વગેરેનાં પ્રયોગોથી તમારી હત્યા કરીને રાજા બનવાની ધુનમાં હતો. નર્તકીએ મારા મનનાં ચોરને પકડી લીધો મેં વિચાર્યું, આખી જીંદગી જે પિતાની સેવા કરી હવે વૃદ્ધાવસ્થામાં તેને આ રીતે મારી નાખવા યોગ્ય નથી. હવે તો પિતાજી વૃદ્ધ થઈ ગયા છે. થોડા વધારે દિવસોના મહેમાન છે, આટલા થોડા માટે આટલું મોટું કલંકનું ટીલું માથા પર શા માટે લગાડવું ? આ વિચારે મારા મનનું પાપ ધોઇ નાખ્યું. તે ઉપકારનાં બદલામાં નર્તકીને મેં રત્ન જડિત કુંડલ ઉતારીને દઇ દીધા.

રાજકુમારની આ વાત સાંભળી રાજાનું હૃદય આનંદ અને આશ્ચર્યથી ઝુમી ઉઠયું. એકબાજુ ઉભેલી કુળવધૂને રાજાએ પૂછયું "દીકરી ! તે કઇ વાત પોતાનો અમૂલ્ય રત્નહાર દઇ દીધો ?"

શરમને લીધે કુળવધૂની આંખો નીચે નમી ગઈ. "મહારાજ, શું કહું, બાર વર્ષથી પરદેશ ગયેલા પતિના વિરહમાં વ્યાકુળ થઇ તડપી રહી છું. આજ સુધી ધીરજ રાખીને કોઈ પણ રીતે પોતાનાં કુળધર્મનું પાલન કર્યું. પરંતુ, આજ આ રાગરંગના માદક વાતાવરણમાં મારી ધીરજનો બંધ તૂટી ગયો અને હું મારા કુળધર્મની મર્યાદા તોડવા માટે તૈયાર થઇ ગઇ. પરંતુ નર્તકીની ગાથાએ મારા તૂટી જતા મનોબળને સહારો આપ્યો હું પાપી થતાં બચી ગઈ. બાર વર્ષ સુધી જ્યારે જ્યારે રાહ જોઇ છે તો હવે થોડા વધારે દિવસ પતિની રાહ જોવી જોઇએ. ક્ષણિક ભાવાવેશના કારણે આવી રીતે કુળને કલંકિત શા માટે કરૂ ? આ રીતે મેં નર્તકીનો ઉપકાર માન્યો અને તેના બદલામાં તેને આ હાર દઈ દીધો.

કુળવધૂની વાત પૂરી થઇ તો રાજાએ મંત્રીની તરફ હસતાં હસતાં જોયું. "મંત્રીજી તમે કઇ વાત પર ખુશ થઇને હીરાની વીંટી નર્તકીને દઇ દીધી.

મંત્રીએ હાથ જોડીને કહ્યું, "અપરાધ ક્ષમા કરજો. હું જીવનના સંધ્યાકાળે પોતાના રાજ્યધર્મથી ભ્રષ્ટ થઈ રહ્યો હતો, તમારા સીમાક્ષેત્રનાં શત્રુ રાજાઓ દ્વારા આપેલા પ્રલોભનને કારણે હું હવે તમારી સાથે ભયંકર દગો કરવાનો હતો. પરંતુ નર્તકીની ગાથા સાંભળતા જ મારી ભટકી ગયેલી ચેતના સત્ય માર્ગ પર પાછી આવી આખું જીવન વફાદારીથી જે રાજ્યધર્મનું પાલન કર્યું હવે થોડા જ જીવન માટે તેનો ત્યાગ કરવાની મૂર્ખતા શા માટે કરું ? નર્તકીએ આજે બોધ આપ્યો છે



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

તેને અનુલક્ષીને મેં હીરાની વીંટી તેને દઇ દીધી.

રંગમંડપમાં શૃંગાર રસની જગ્યાએ શાંત રસનો સ્રોત વહેવા લાગ્યો. મુનિ, રાજકુમાર, કુલવધૂ અને મંત્રીના ઉદ્બોધક પ્રસંગ સાંભળીને રાજાનું હૃદય પવિત્ર બની ગયું. તેણે વિચાર્યું "હવે મારા જીવનનો સંધ્યા સમય આવી પહોંચ્યો છે. તો પણ હવે કયાં સુધી ભોગોમાં ફસાયેલો રહીશ? હવે તો આ બધું છોડીને આત્મસાધના તરફ ઉન્મુખ થવું જોઈએ રાજાએ પોતાના પુત્રને રાજ્ય સિંહાસન સોંપ્યું અને પોતે ક્ષુલ્લક મુનિની સાથે આચાર્યના ચરણોમાં પહોંચીને સાધુ થઇ ગયા.

જાગૃતિની લહેર જ્યારે ફેલાય છે ત્યારે તે એક જ લહેર અનેક હૃદયોને નવજીવન આપે છે એક જ દીવો અનેક દીવાઓને પ્રજ્વલિત કરી દે છે. દીવાથી દીવા પ્રજ્વલિત થાય છે

મૂળ વાર્તા

ઉપદેશ પ્રાસાદમાંથી

(અમર ભારતી માર્ચ ૧૯૯૨ માંથી ઉધ્ધૃત.)

( અનુસંધાન પેજ નંબર ૯૬ નુ ચાલુ )

બતાવવાથી તેવા આત્માઓમાં પણ જે યોગ્ય છે તેઓમાં આગમ પ્રમાણ પ્રત્યે શ્રદ્ધા ઉત્પન્ન થવાનો સંભવ છે એ કારણે પ્રત્યક્ષાદિ પ્રમાણો આપવા એ અનુચિત નથી.

દેવલોકને નહિ માનનારની આંખ સામે ચંદ્ર, સૂર્ય, ગ્રહ, નક્ષત્ર, તારા આદિ જ્યોતિષ્ક દેવના વિમાનો રોજ ભટકાય છે. તેનો કોઇ પણ રીતે તે ઇન્કાર કરી શકે તેમ નથી. એ ઉપરાંત વ્યંતરાદિ દેવોકૃત અનુગ્રહ અને ઉપઘાત પણ પ્રત્યક્ષ નથી એમ કહેવું તે સર્વથા ખોટું છે.

અનુમાનથી પણ દેવગતિની વિદ્યમાનતાનો કોઈ પણ બુદ્ધિમાનને સ્વીકાર કર્યા સિવાય ચાલે તેમ નથી. અતિશય પાપનું ફળ ભોગવવા માટે જેમ નરકગતિ માનવાની આવશ્યકતા છે તેમ અતિશય પુણ્યનું ફળ ભોગવવા માટે દેવગતિને માન્યા સિવાય પણ છૂટકો નથી.

મનુષ્યગતિમાં અતિ સુખી મનુષ્યો પણ રોગ-જરાદિ દુઃખોથી ગ્રસ્ત છે અને તિર્યંચગતિમાં અતિ દુઃખી તિર્યંચો પણ સુખને આપનાર હવા, પ્રકાશ આદિની પ્રાપ્તિ કરી શકે છે. માટે અતિશય પુણ્ય અને અતિશય પાપનું ફળ એકાંત સુખ કે એકાંત દુઃખ ભોગવવા માટે દેવ અને નરક, એ બે ગતિઓને માન્યા સિવાય ચાલી શકે તેમ નથી.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## શ્રી જૈન આત્માનંદ સભાના ઉપક્રમે

# શ્રી હીરાલાલ ભાણજીભાઈ શાહનું થયેલુ બહુમાન

શ્રી જૈન આત્માનંદ સભાના ઉપક્રમે સભાને ત્રીસ વર્ષ સુધી નિસ્વાર્થ ભાવે સેવા આપનાર શ્રીમાન હીરાલાલ ભાણજીભાઈ શાહને સન્માનવાનો એક સુંદર સમારંભ શેઠશ્રી ખાન્તીલાલ ફતેચંદ શાહના પ્રમુખસ્થાને અને શેઠશ્રી સૂર્યકાન્ત રતિલાલ શાહ (ચા વાળા)ના અતિથિવિશેષપદે વિશાળ સમાજની ઉપસ્થિતીમાં યોજાઈ ગયો.

પ્રારંભમાં સ્તુતીગાન અને પ્રાસંગિક ગીત શ્રી ધનુભાઇ અને અમુભાઈએ સુંદર શૈલીમાં રજૂ કરેલ. આવકાર પ્રવચન સભાના ઉપપ્રમુખ શ્રી મોહનલાલ જગજીવનદાસ સલોતે આપેલ. સમારંભ પ્રમુખશ્રી અને અતિથિવિશેષ અને જૈન સંઘના પ્રમુખ શ્રી મનમોહનભાઇ તંબોળીનું સન્માન શ્રી પ્રમોદભાઇ વકીલ, શ્રી મોહનભાઈ સલોત અને શ્રી ભોગીલાલભાઈ શાહના વરદ્ હસ્તે થયેલ. શ્રી ચીમનલાલ વર્ધમાન શાહે સંદેશા વાંચન કરેલ અને શ્રી ભોગીલાલ ભાણજીભાઇ શાહે પ્રભાની પ્રવૃતિનો અહેવાલ આપેલ.

સન્માનાર્થી શ્રી હીરાલાલ ભાણજીભાઇ શાહની સેવાને બીરદાવતા તેમના વિવિધ કાર્યો જેવા કે બે વર્ષ સુધી ભાવનગર જૈન સંઘના મંત્રી તરીકે, ત્રણ વર્ષ સુધી વારૈયા જૈન ભોજનશાળા અને દાદાસાહેબ જૈન વિદ્યાર્થીગૃહના કમિટિ સભ્ય તરીકે, અમૃતલાલ કુંપરશોત્તમ જૈન ધર્મશાળા ટ્રસ્ટના ૩૦ વર્ષ સુધી ટ્રસ્ટી તરીકે અને આત્માનંદ સભાના પુસ્તક પ્રકાશન અને અપ્રાપ્ય પુસ્તકોની જાળવણીમાં તેમનું અમૂલ્ય પ્રદાન છે તેવું રજુ કરતા પ્રવચનો શ્રી મોહનભાઈ સલોત, શ્રી સંજય ઠાર, શ્રી નવીનભાઇ કામદાર વિગેરેએ આપેલ,

સભાના પ્રમુખશ્રી પ્રમોદભાઇ શાહે, શ્રી હીરાલાલભાઇને અર્પણ થનાર સન્માન પત્રનુ વાંચન કરેલ. જે સન્માન પત્ર સમારંભ પ્રમુખ શ્રી ખાન્તીભાઇ શાહના હસ્તે અર્પણ થયેલ અને શ્રી સૂર્યકાન્તભાઇ શાહના હસ્તે થેલી અર્પણ થયેલ સભાના પ્રમુખના હસ્તે શ્રીફળ અને શાલ તેમજ પૂષ્પહાર અર્પણ થયેલ. ગૌતમ સેવા ટ્રસ્ટ તરફથી ચાંદિનું શ્રીફળ શ્રી મોહનભાઇ સલોતે અર્પણ કરેલ અને અમૃતલાલ પરશોત્તમ જૈન ધર્મશાળા ટ્રસ્ટ તરફથી ચાંદીનું શ્રીફળ શ્રી જશવંતરાય ગાંધી અને ડાયાલાલભાઇ શાહના હસ્તે અર્પણ થયેલ. જેપી. સન્માન સમિતિ વતી શ્રી દીવ્યકાન્ત સલોતે સન્માન કરેલ. સભાના ટ્રસ્ટીઓ અને ઉપસ્થિત અન્ય મહાનુભાવોએ શ્રી હીરાલાલભાઇને પૂષ્પહાર કરી શુભેચ્છા પાઠવેલ.

સમારંભ પ્રમુખ શ્રી અને અતિથિવિશેષ શ્રીએ હીરાલાલભાઇની કર્તવ્યનિષ્ઠા, નિસ્વાર્થ સેવાભાવના, મૌનપણે સેવાકાર્ય અને સાદાઇને બિરદાવતું પ્રવચન આપેલ અને શુભેચ્છા સાથે તંદુરસ્તીભર્યું દીર્ઘાયુ પ્રાપ્ત કરે તેવી અંતરથી ભાવના વ્યક્ત કરેલ.

સમારંભના પ્રતિસાદ આપતા શ્રી હીરાલાલ ભાણજીભાઇ શાહે પોતાના થયેલ સન્માન બદલ લાગણીભર્યા પ્રવચનમાં ભાવવિભોર થઈ સૌનો આભાર માનેલ અને પોતાને અર્પણ થયેલ થેલી



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

સભાના સાહિત્ય કાર્યમાં વાપરવા સભાના પ્રમુશ્રીને પરત અર્પણ કરેલ.

આભારવિધિ સભાના મંત્રીશ્રી કાન્તીલાલ સલોતે કરેલ. સમારંભનું સફળ સંચાલન શ્રી નવીનભાઇ કામદારે કરેલ.

અંતમાં સમારંભના મહાનુભાવો શ્રી મનમોહનભાઇ તંબોળી તથા સમારંભ પ્રમુખશ્રી, સમારંભ અતિથિવિશેષશ્રી તરફથી અલ્પાહાર આપવામાં આવેલ.

ઉત્સાહપૂર્ણ વાતાવરણમાં સમારંભ પૂર્ણ થયેલ.

---

આ સભાના ભૂતપૂર્વ પ્રમુખ શ્રી હીરાલાલ ભાણજીભાઇ શાહની સભા પ્રત્યેની અજોડ સેવાને અનુલક્ષીને તેઓશ્રીના બહુમાન અર્થે તેઓશ્રીને માનપત્ર એનાયત કરવાનો એક સમારંભ તા. ૨૮ ૬-૯૨ રવિવારના રોજ બપોરના ૪-૩૦ કલાકે સભાના હોલમાં યોજવામાં આવેલ હતો. આ પ્રસંગે પ્રમુખસ્થાને ભાવનગર જૈન શ્વે. મૂ. તપા સંઘના માનદ્ મંત્રી શેઠશ્રી ખાન્તિલાલ ફતેહચંદભાઇ શાહ તથા અતિથિવિશેષ પદે ભાવનગર જૈન શ્વે મૂ. તપા સંઘના ઉપપ્રમુખશ્રી, શેઠશ્રી સૂર્યકાન્તભાઇ રતિલાલ શાહ ઉપસ્થિત રહ્યા હતા. તે સમયે નીચે પ્રમાણેનું સન્માન પત્ર સમર્પિત કરવામાં આવેલ હતું.

### શ્રી જૈન આત્માનંદ સભા ભાવનગર તરફથી

## શ્રીમાન હીરાલાલ ભાણજીભાઈ શાહને

# ૭ સન્માન પત્ર ૭



આત્મીય બંધુ,

આજે છેલ્લા ત્રીસ વર્ષથી શ્રી જૈન આત્માનંદ સભા ભાવનગરની અનન્ય સેવા કરી, નાદુરસ્ત સ્વાસ્થ્યના કારણે આપશ્રી સભાના પ્રમુખપદેથી નિવૃત્ત થઈ રહ્યા છો ત્યારે અમો સભાના કાર્યવાહકો અને સભ્યો તેમજ શુભેચ્છકો સૌ આપની સેવામાં આ નામપત્ર સમર્પિત કરી આનંદ વિભોર બનીએ છીએ અને ધન્યતા અનુભવીએ છીએ

આપશ્રીની ધર્મ અને સમાજની સેવા કરવાની ધગશ પ્રસંસનીય છે. સને ૧૯૫૫થી વીશ વર્ષ સુધી શ્રી ભાવનગર જૈન શ્વે. મૂ. તપા સંઘની વ્યવસ્થાપક સમિતિના સભ્ય તરીકે, વીશાશ્રીમાળી રાંધનપુરા કત્તામાંથી બીન હરીફ ચુંટાઇને, સક્રીય સેવા આપેલ છે તે વર્ષો દરમ્યાન કારોબારી સમિતિના સભ્ય તરીકે પણ સેવા આપેલ છે. છેલ્લા બે વર્ષ શ્રી સંઘના માનદમંત્રી તરીકે સક્રીય સેવા આપેલ છે. શ્રી અમૃતલાલ પરશોત્તમ જૈન



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ધર્મશાળામાં ટ્રસ્ટી તરીકે ૩૦ વર્ષ સુધી સક્રીય સેવા આપેલ છે દાદાસાહેબ જૈન વિદ્યાર્થીગૃહમાં તથા વારૈયા જૈન ભોજનશાળામાં કમિટિના સભ્ય તરીકે આશરે ત્રણ વર્ષ સુધી સેવા આપેલ છે.

## સંસ્થાના સંનિષ્ઠ કાર્યકર :-

૩૦ વર્ષથી આ સંસ્થાના કામકાજમાં રસ લઇને, પ્રથમ વ્યવસ્થાક સમિતિના સભ્ય તરીકે, ત્યારબાદ મંત્રી તરીકે, ઉપપ્રમુખ અને છેલ્લા અગીયાર વર્ષથી પ્રમુખશ્રી તરીકે સક્રીય સેવા આપેલ છે સભાના હિસાબો ઉપર દેખરેખ રાખીને, વાંચનાલય અને લાઇબ્રેરીના કામકાજ ઉપર ધ્યાન રાખીને, પુસ્તકોનું પ્રકાશન યથાશક્તિ કરીને, પુસ્તકોનું વેચાણ અને સભા સાથેનો પત્ર વ્યવહાર કરીને, શ્રુતજ્ઞાનના પ્રચાર માટે સ્પર્ધાઓ યોજીને સક્રીય સેવા આપેલ છે,

આ સભાએ આપશ્રીની રાહબરી નીચે " શ્રી આત્માનંદ પ્રકાશ " માસિકનું પ્રકાશન તથા વિદ્વત્તાપૂર્ણ પુસ્તકોનું પ્રકાશન થયેલું છે તે ખાસ નોંધપાત્ર છે.

આપશ્રીની સેવા અને કાર્યદક્ષતાએ આ સભાને જૈન સમાજમાં ઉત્તમ સ્થાન અપાવ્યું છે. આપશ્રીનો બહોળો અનુભવ અને અનેરી હૈયા ઉકલત દ્વારા, સભાએ ઘણું જ મેળવ્યું છે.

## વ્યક્તિ પ્રતિભા :-

આપશ્રીની અજબ શાંતિ, સરળતા, ઉદારતા એ દરેકના હૃદયમાં ચાહના મેળવી છે. બીજાનું કાંઇક સારૂ કરી છૂટવાની ભાવનાએ તમારી લોકચાહના તેજસ્વી બતાવેલ છે. એ માટે આપશ્રી ખૂબ જ ધન્યવાદને પાત્ર છે.

## સ્નેહી સ્વજન :-

આપશ્રીની નિઃસ્વાર્થ સેવા ભાવના, સાદાઇ, સચ્ચાઇ તથા વિનમ્રતા આદિ સદ્‌ગુણોથી પ્રેરાઇને, અમારી ભાવનાઓ અને આદરના પ્રતીકરૂપ આ સન્માન પત્ર આપને અર્પણ કરી અમો ગૌરવ અને આનંદની લાગણી અનુભવીએ છીએ.

અંતમાં શ્રી શાસનદેવ આપને તંદુરસ્તી ભર્યું દીર્ઘાયુ બક્ષે એજ પ્રાર્થના.

અમો છીએ આપના ગુણાનુરાગી.

સમારંભ પ્રમુખ : શેઠશ્રી ખાન્તીલાલ ફતેહચંદ શાહ
અતિથિવિશેષ : શેઠશ્રી સૂર્યકાંત રતીલાલ શાહ

પ્રમોદકાન્ત ખીમચંદ શાહ
પ્રમુખ

કાન્તીલાલ રતીલાલ સલોત

મોહનલાલ જગજીવનદાસ સલોત
ઉપપ્રમુખ

ભોગીલાલ ભાણજીભાઇ શાહ
મંત્રીઓ

સમારંભ સ્થળ : શ્રી જૈન આત્માનંદ સભા, ભાવનગર રવિવાર તા. ૨૮-૬-૯૨



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શોકાંજલિ

શ્રી હર્ષદરાય જીવરાજભાઇ શાહ (દલાલ) ઉં. વર્ષ ૬૩ તા. ૧૭-૬-૯૨ ને બુધવારના રોજ ભાવનગર મુકામે સ્વર્ગવાસી થયેલ છે. તેઓશ્રી આ સભાના આજીવન સભ્યશ્રી હતા. તેઓશ્રી ધાર્મીક વૃતિવાળા અને મિલનસાર સ્વભાવના હતા. તેમના કુટુંબીજનો પર આવી પડેલ દુઃખમાં અમો સમવેદના પ્રગટ કરીએ છીએ. તેઓશ્રીના આત્માને પરમ શાન્તિ મળે એવી પરમાત્મા પાસે પ્રાર્થના કરીએ છીએ.

શ્રી જૈન આત્માનંદ સભા,
ભાવનગર.

# શોકાંજલિ

શ્રીમતિ વાસંતીબેન રમેશભાઈ સંઘવી ઉંમર વર્ષ ૪૦ ભાવનગર મુકામે તા. ૧૨-૬-૯૨ના રોજ સ્વર્ગવાસી થયેલ છે. તેઓશ્રી આ સભાના આજીવન સભ્ય હતા. તેઓશ્રી ધાર્મીક વૃતિવાળા અને મીલનસાર સ્વભાવના હતા. તેમના કુટુંબીજનો ઉપર આવી પડેલ દુઃખમાં અમો સમવેદના પ્રગટ કરીએ છીએ. તેઓશ્રીના આત્માને પરમ શાન્તિ મળે તેવી પરમાત્મા પાસે પ્રાર્થના કરીએ છીએ

શ્રી જૈન આત્માનંદ સભા
ભાવનગર.

શેઠશ્રી જયંતીલાલ જીવરાજભાઈ તરફથી (હસ્તે શાંતીલાલ જીવરાજભાઈ નથુભાઈ શાહ) રૂા. ૧૦૦૧ અંકે રૂપીયા એકહજાર એક કેળવણી સહાયક અનામત ફંડ ખાતે દાનના આવ્યા છે. તે બદલ તેઓશ્રીનો આભાર માનવામાં આવે છે. ધન્યવાદ.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# સમાચાર

## શ્રી મહાવીર જૈન વિદ્યાલય–મુંબઈ

આ સંસ્થાની સ્થાપનાને ૭૫ વર્ષ પૂરા થયા હોઇ આ સાલે અમૃત મહોત્સવ ઉજવવાની ભવ્ય યોજના માટે તાજેતરમાં સંસ્થાના પ્રમુખ શ્રી દીપચંદભાઇ એસ. ગાર્ડીના પ્રમુખપદે સંસ્થાના ભાવિ વિકાસ અને વિવિધ યોજનાઓ હાથ ધરવા માટે કાર્યકુશળ વ્યક્તિઓના પ્રમુખપદે વિવિધ સમિતિઓ રચવામાં આવી છે, જેમાં શ્રી જે આર. શાહ, પ્રતાપ ભોગીલાલ, સી એન સંઘવી, અમર જરીવાલા વિ. જાણીતા અગેવાનોને નિયુકત કરેલ છે આ કાર્યક્રમનો મંગળ પ્રારંભ વિજયાદશમી ૬ઠી ઓકટોબર ૧૯૯૨ના રોજ શરુ કરી તા. ૨૬મી જાન્યુઆરી ૧૯૯૩ના પૂર્ણાહૂતિ કરીને ભવ્યરીતે ઉજવવાનું નક્કી કર્યું છે. વિશાળ સંસ્થા માટે સમસ્ત જૈન સમાજને આર્થિક સહકાર આપવા અનુરોધ છે.

ઉપરાંત શ્રી સી. એન. સંઘવીના પ્રમુખપદે ભૂતપૂર્વ વિદ્યાર્થીઓનું સંગઠન તથા એલમની એસોસીએશનની સ્થાપના અંગેની કામગીરી શરુ થઇ છે સંસ્થાના તમામ ભૂતપૂર્વ વિદ્યાર્થીઓને વિનંતી કરવામાં આવે છે કે તેઓએ સંસ્થામાંથી નિયત કરેલ BIO DATA નું ફોર્મ તુરત મગાવીને ઓગસ્ટ ક્રાંતિમાર્ગ, મુંબઈ ૪૦૦ ૦૩૬ ઉપર મોકલી આપવા આગ્રહ છે.

## અભ્યાસ અંગે લોન સહાય

શ્રી શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન વિદ્યાર્થી/વિદ્યાર્થિનીઓને એન્જિનિયરિંગ, આર્કિટેકચર, દાક્તરી, ચાર્ટર્ડ એકાઉન્ટસી તથા કોસ્ટ એકાઉન્ટસી, બિઝનેશ મેનેજમેંટ, લલિતકળા, જૈન ધર્મના ઉચ્ચ અભ્યાસ માટે, ડિગ્રી અભ્યાસ માટે ધો. ૧૨ ની પરીક્ષા કર્યા પછી ટ્રસ્ટના નિયમાનુસાર લોનરૂપે આચાર્યશ્રી વિજયવલ્લભસૂરીશ્વરજી જન્મ શતાબ્દિ શિક્ષણ ટ્રસ્ટ તરફથી સહાય આપવામાં આવે છે. તે માટેનું નિયત અરજીપત્રક રૂા. ૩-૦૦ મ. ઓ. દ્વારા અથવા ટપાલ ટિકીટો મોકલવાથી નીચેના સરનામેથી મળશે.

આચાર્યશ્રી વિજયવલ્લભસૂરીશ્વરજી
જન્મશતાબ્દિ શિક્ષણ ટ્રસ્ટ,
C/o. શ્રી મહાવીર જૈન વિદ્યાલય,
ઓગસ્ટ ક્રાંતિ માર્ગ, મુંબઇ-૪૦૦૦૩૬

( અરજીપત્રક સ્વીકારવાની છેલ્લી તા. ૩૦ જુલાઈ છે. )

---

દૂધમાં સાકર ઓગળે છે
પણ
ગળ્યું તો દૂધ જ થાય છે.
જ્યારે
ભગવાનમાં ભક્ત ઓગળે છે
અને
ભક્ત ખુદ ભગવાન બની જાય છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

Atamnand Prakash Regd. No. GBV. 31

# શ્રી નવસ્મરણાદિ સ્તોત્ર સન્દોહનું

## પ્રકાશન

શ્રી નવસ્મરણાદિ સ્તોત્ર સન્દોહનું મુનિશ્રી ચરણ-વિજયજી મહારાજ સાહેબ દ્વારા સંપાદન કરાવી વિ. સં, ૧૯૯૨માં આ સભા તરફથી પ્રકાશન કરવામાં આવ્યું હતું. સુંદર-સુઘડ સ્પષ્ટ દેવનાગરી લિપિમાં પ્રિન્ટ હોવાથી સમગ્ર ભારતમાંથી તેની માંગણી આવતા તેનું પુનર્મુદ્રણ કરીને પ્રગટ કરેલ છે. મજબુત પ્લાસ્ટીક કવર સહીતની આ સુંદર પુસ્તિકા દરેક જૈનના ઘરમાં વસાવવા જેવી છે. કિંમત રૂા ૭-૦૦ છે. પચાસ કે વધારે પુસ્તિકા ખરીદનારને ૨૦ ટકા કમીશન આપવામાં આવશે.

આ પુસ્તિકા દેવનાગરી લિપિમાં પ્રિન્ટ કરેલ હોવાથી પૂ. સાધુ ભગવંતો, પૂ. સાધ્વીજી મહારાજો તથા રાજસ્થાન, મારવાડ, તેમજ દક્ષિણ વગેરે દેશોમાં નિવાસ કરનારા સાધર્મિક ભાઈઓ અને બહેનો માટે ખૂબ જ ઉપયોગી છે.

ધર્મપ્રભાવના કરવા માટે ઉત્તમ પુસ્તિકા છે.

—: વધુ વિગત માટે લખો :—

શ્રી જૈન આત્માનંદ સભા

ખારગેઈટ, ભાવનગર-૩૬૪૦૦૧

તંત્રી : શ્રી પ્રમોદકાન્ત ખીમચંદ શાહ

પ્રકાશક : શ્રી જૈન આત્માનંદ સભા, ભાવનગર.

મુદ્રક : શેઠ હેમેન્દ્ર હરિલાલ, આનંદ પ્રી. પ્રેસ, સુતારવાડ, ભાવનગર.

For Private And Personal Use Only